| Date: February 18, 2017 | Publication: Vyapar |
|---|---|
| Page No.: 7 | Edition: Mumbai |



આપનું નાણાં આયોજન

# લાભ ગુમાવ્યાં વિના પોર્ટ કરાવો તમારી વીમા પૉલિસી

## કેટલીક સારી-નરસી બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ

જેમ તમે વીજળીના પુરવઠામાં વિક્ષેપ અનુભવ્યા વિના એક વીજ વિતરક કંપનીમાંથી બીજી વીજ વિતરક કંપનીના ગ્રાહક બની શકો, જેમ તમે એ જ મોબાઇલ નંબર જાળવી રાખીને એક મોબાઇલ ઓપરેટરમાંથી બીજા મોબાઇલ ઓપરેટર પસંદ કરી શકો છો, તેમ તમે હવે તમારી આરોગ્ય વીમા પોલિસીને માટે એક વીમાકંપનીની સેવા બંધ કરીને બીજી વીમાકંપનીની સેવા લઈ શકો છો અને તેમ કરવા જતાં તમારો કોઇ એકત્રિત લાભ ગુમાવશો નહીં.

બીજા શબ્દોમાં કહીએ તો, જો તમે તમારી વીમાકંપની દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓથી રાજી હોય તો તમે તમારી પોલિસી તમારી પસંદગીની બીજી વીમાકંપનીમાં પોર્ટ કરી શકો છો. ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (ઇરડા)એ તમને આ અધિકાર આપ્યો છે.

આરોગ્ય વીમા પોર્ટેબિલિટી તમે એક પ્લાનમાંથી બીજા પ્લાનમાં કે એક વીમા કંપનીમાંથી બીજી વીમા કંપનીમાં છો કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના સંરક્ષણ પૂરું પાડે છે. આ બંને કેસમાં તમને બદલાવ પીરિયડ પ્લાન અથવા કંપનીના બદલાવના સમયગાળા દરમિયાન અગાઉથી અસ્તિત્વ ધરાવતા રોગ માટે કવચ મળે છે. હકીકતમાં તમે તમારી પોલિસી કોઈ પણ સામાન્ય વીમા કંપનીમાંથી બીજી સામાન્ય વીમાકંપનીમાં કે સ્પેશ્યલાઇઝ્ડ હેલ્થ વીમા કંપનીમાં પોર્ટ પણ કરાવી શકો છો.

અન્ય વીમાકંપનીમાં તમારી પોલિસી પોર્ટ કરાવવા માટે જવાબદાર કારણો કયાં હોય છે? પોર્ટેબિલિટી માટે સૌથી સામાન્ય કારણો પર્યાપ્ત વીમાકવચ, ગ્રાહકને નબળી સેવાનો અનુભવ, વર્તમાન પ્લાન પર ઊંચું પ્રીમિયમ અને દાવાની પતાવટનો નબળો રેશિયો હોય છે.




ડૉ. જયદીપ દેવારે
મૅનેજિંગ ડિરેક્ટર, મહિન્દ્રા ઇન્સ્યોરન્સ બ્રોકર્સ લિમિટેડ


કોઈ નવી પોલિસી ખરીદવા કરતાં તમારી મૂળ પોલિસી પોર્ટ કરવા માટે બે મુખ્ય કારણો છે? એક, તમે તમારી વર્તમાન પોલિસી હેઠળ કોઈ નો-ક્લેઇમ બોનસ ગુમાવતા નથી, અને બે, તમને નવા પ્લાનમાં તમારા વેઇટિંગ પીરિયડને આગળ વધારવામાં આવે છે.

જોકે જ્યારે તમે પોલિસી પોર્ટ કરાવો, ત્યારે નીચેની સારી-નરસી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ?

◆ જ્યારે તમે વ્યક્તિગત અને ફેમિલી પોલિસીઓ પોર્ટ કરાવતા હોય, ત્યારે તમે એક વ્યક્તિગત પ્લાનમાંથી અન્ય વ્યક્તિગત પ્લાનમાં તથા એક ફેમિલી ફ્લોટર પોલિસીમાંથી બીજી ફેમિલી ફ્લોટર પોલિસીમાં જ પોર્ટ કરાવી શકો છો. એક કેટેગરીમાંથી બીજી કેટેગરીમાં હેલ્થ પ્લાન પોર્ટ કરાવી નહીં શકો.

◆ નવી વીમાકંપની તમારી જૂની પોલિસીમાંથી અગાઉ અસ્તિત્વ ધરાવતી બીમારી માટે વેઇટિંગ પીરિયડ સાથે સંબંધિત ક્રેડિટ આપવા બંધાયેલી છે.

◆ વીમાકંપની પોતાની નાણાકીય અને મેડિકલ અંડરરાઇટિંગ પોલિસીઓને આધારે પોર્ટેબિલિટીની અરજીનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો અધિકાર ધરાવે છે.

◆ જેમ તમારી ઉંમર વધે, તેમ પોલિસી પોર્ટ કરવામાં મુશ્કેલી પડશે, કારણ કે વર્તમાન વીમાકવચ સાથે પોર્ટિંગ માટે મેડિકલ અંડરરાઇટિંગ અને પોલિસી પૂર્વે આરોગ્યની તપાસ જરૂરી છે.

**હેલ્થ પ્લાન રીતે પોર્ટ કરાવવાનાં ત્રણ સરળ પગલાં**

◆ વર્તમાન પોલિસી રિન્યૂ કરાવતી વખતે જ પોર્ટ કરાવી શકો છો, આનો અર્થ એ થયો કે વીમાનો તમારો નવો ગાળો નવી વીમાકંપની સાથે શરૂ થશે. તમારી જૂની અને નવી એમ બંને વીમાકંપનીઓને રિન્યૂઅલની તારીખના ઓછામાં ઓછા ૪૫ દિવસ અગાઉ પોર્ટિંગ વિશે જાણકારી આપવી પડશે.

◆ પોર્ટિંગ માટે એપ્લિકેશન ફોર્મ તમે ઇચ્છો એ પ્લાનની અરજીનું ફોર્મ નવી વીમાકંપની પાસેથી મેળવીને ભરવું પડશે. બંને ફોર્મ ભરવા પડશે તથા નવી પોલિસી માટે પ્રીમિયમ અને જરૂરી દસ્તાવેજો સાથે ભરવા પડશે.

◆ નવી વીમાકંપની તમારી મૂળ પોલિસીની વિગતો તેમજ તમારા નવા દસ્તાવેજો અને ફોર્મ ચકાસશે તથા



રજૂ થયાના ૧૫ દિવસની અંદર તેને માન્ય કે અમાન્ય કરવી પડશે.

પોર્ટેબિલિટીનો સૌથી મોટો લાભ એ છે કે તમારી આરોગ્ય વીમા પોલિસી અને તમારો મેડિકલ ખર્ચ તમારા નિયંત્રણમાં હોય છે તથા તમે તમારાં જૂનાં પ્લાનમાં સંચિત લાભ ગુમાવતાં નથી. જોકે કોઈ બે વીમા યોજનાઓ એકસરખી હોતી નથી, જેમાં તમે પેટામર્યાદાઓ, વીમાકવચ, પ્રીમિયમ, વેઇટિંગ પીરિયડ અને સહચુકવણીની જોગવાઈ જેવાં મુખ્ય પાસાંનો વિચાર કરી શકો છો. એટલે પોર્ટિંગ અગાઉ તમે બમણી ખાતરી કરવી જોઈએ કે બંને નવી પોલિસી અને વીમાકંપની તમારી હેલ્થ વીમાકંપનીની જરૂરિયાતો પૂર્ણ કરે.